**અગ્રતા ક્રમ–** ૬

મહિલા અને બાળ વિકાસ વિભાગ
તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૪૪૦

**વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની**
**તારીખ: ૨૬/૦૨/૨૦૨૪.**

**પંદરમી ગુજરાત વિધાનસભા ચોથુ સત્ર**

**પ્રશ્ન :** મહિસાગર અને આણંદ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોના જર્જરીત મકાનો.

પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ અને તેનો મત વિસ્તાર :–

**શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા)**

## અનુક્રમણિકા


| ક્રમ | પ્રશ્નનો વિષય | પાના નંબર |
|---|---|---|
| **૧** | **પ્રશ્ન** | 3 |
| **૨** | **પ્રશ્નનો જવાબ** | 4 |
| **૩.૧** | **પૂરક પ્રશ્ન–૧ ધારાસભ્યશ્રી– શ્રી વિપુલભાઇ પટેલ (સોજીત્રા)**<br>આંગણવાડી કેંદ્રોમાં નાના–મોટા સમારકામ અને રિનોવેશન માટે આંગણવાડી કેંદ્ર દીઠ કોઇ ગ્રાંટ ચુકવવામાં આવે છે કે કેમ? | 5 |
| **૩.૨** | **પૂરક પ્રશ્ન–૨ ધારાસભ્યશ્રી– શ્રી કલ્પેશભાઇ પરમાર (માતર)**<br>જર્જરીત આંગણવાડી નિયત કરવાની કાર્યપદ્દતી શું છે? | 6 |
| ૩.૩ | **પૂરક પ્રશ્ન–૩ ધારાસભ્યશ્રી– શ્રી કમલેશભાઇ પટેલ (પેટલાદ)**<br>નિયત કરેલ ટાઇપડિઝાઇન મુજબ આંગણવાડી કેંદ્ર બાંધકામ માટે શું જોગવાઇ છે? | 7 |
| ૩.૪ | **પૂરક પ્રશ્ન–૪ ધારાસભ્યશ્રી– શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર)**<br>મહિસાગર જિલ્લામાં કુલ આંગણવાડી કેંદ્રો પૈકી પોતાના મકાનમાં, ભાડાના મકાનમાં અને અન્ય મકાનમાં કેટલા કેંદ્રો ચાલે છે? | 8 |
| ૩.૫ | **પૂરક પ્રશ્ન–૫ ધારાસભ્યશ્રી– શ્રી યોગેશભાઇ પટેલ (આણંદ)**<br>આણંદ જિલ્લામાં કુલ આંગણવાડી કેંદ્રો પૈકી પોતાના મકાનમાં, ભાડાના મકાનમાં અને અન્ય મકાનમાં કેટલા કેંદ્રો ચાલે છે? | 9 |
| | **પૂરક માહિતી** | |
| ૪.૧ | છેલ્લા ત્રણ વર્ષમાં જર્જરીત થઇ ગયેલ નવા બનાવવામાં આવેલ આંગણવાડી કેન્દ્રોની વિગત શું છે? | 10 |
| ૪.૨ | સને ૨૦૨૩–૨૪નું રાજ્યનું નવી આંગણવાડી બનાવવા માટે આયોજન શું છે? | 11 |
| ૪.૩ | મહિસાગર અને આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી આંગણવાડીઓના ખાતમુહુર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યા છે | 12 |
| ૪.૪ | ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડીઓ માટે મકાનભાડાના દર | 13 |
| ૪.૫ | જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા જર્જરીત કેન્દ્રોના બાંધકામ મંજુર થયા અને તે પૈકી કેટલા પુર્ણ થયા તેની વિગતો.? | 14 |
| ૫.૧ | **પૂરક નોંધ : આંગણવાડી બાંધકામ ઉપરની વિશેષ નોંધ** | 17 |

<u>તારાંકિત પ્રશ્ન</u> <u>ક્રમાંક: પ્ર/</u>

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/2440

વિષય:

મહીસાગર અને આણંદ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોના જર્જરિત મકાનો

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઈન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
| --- | --- | --- |
| 30/01/2024 | 20/02/2024 | 08/02/2024 |

*15/4/2440 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ(લુણાવાડા)

મહિલા અને બાળ કલ્યાણ જણાવવા કૃપા કરશે કે:-

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં મહીસાગર અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોના મકાનો જર્જરિત હાલતમાં છે, અને

(૨) ઉક્ત જર્જરિત આંગણવાડીઓની શી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવેલ છે?

----

## મહિસાગર અને આણંદ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોના જર્જરિત મકાનો

*15/4/2440 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ** (લુણાવાડા): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં મહિસાગર અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોના મકાનો જર્જરિત હાલતમાં છે, અને | (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યમાં મહિસાગર જિલ્લામાં ૩૦૫ અને આણંદ જિલ્લામાં ૯૩ આંગણવાડી કેન્દ્રોના મકાનો જર્જરિત હાલતમાં છે. |
| (૨) ઉક્ત જર્જરિત આંગણવાડીઓની શી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવેલ છે? | (૨) મહિસાગર જિલ્લો<br>• મહિસાગર જિલ્લામાં ૩૦૫ આંગણવાડી કેન્દ્રો જર્જરિત છે જે પૈકી ૧૦૬ ભાડાના મકાનમાં અને ૧૯૯ કેન્દ્રો અન્ય જગ્યાએ જેવાકે શાળાનો ઓરડો, સમાજઘર, પંચાયતના ઓરડો જેવી જગ્યા પર બેસે છે.<br><br>આણંદ જિલ્લો<br>• આણંદ જિલ્લામાં ૯૩ આંગણવાડી કેન્દ્રો જર્જરિત છે જે પૈકી ૨૩ ભાડાના મકાનમાં અને ૭૦ કેન્દ્રો અન્ય જગ્યાએ જેવા કે શાળાનો ઓરડો, સમાજઘર, પંચાયતના ઓરડો જેવી જગ્યા પર બેસે છે. |

-----------------------------------

**અગ્રતા ક્રમ - ૬ પૂરક પ્રશ્ન–૧**

**પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી વિપુલભાઇ પટેલ (સોજીત્રા)**

**પૂરક પ્રશ્ન –૧ :– આંગણવાડી કેંદ્રોમાં નાના–મોટા સમારકામ અને રિનોવેશન માટે આંગણવાડી કેંદ્ર દીઠ કોઇ ગ્રાંટ ચુકવવામાં આવે છે કે કેમ?**

**જવાબ:**

**માન. અધ્યક્ષશ્રી,**

- આંગણવાડીઓને જર્જરીત થતા અટકાવવા માટે રાજ્યમાં પ્રથમ વખત ૧૦૦% રાજ્ય સરકારના ફાળાથી નાના સમારકામ અને રિનોવેશન માટે વર્ષ ૨૦૨૩–૨૪માં બજેટ જોગવાઇ મંજુર કરવામાં આવેલ છે.

- જેમાં આંગણવાડી કેંદ્રના નાના સમારકામ માટે પોતાના મકાન ધરાવતા આંગણવાડી કેંદ્રોને પ્રતિ આંગણવાડી કેંદ્ર દીઠ વાર્ષિક ખર્ચ પેટે રૂ.૮૫૦૦/– લેખેની ગ્રાંટ ટુંક સમયમાં ફાળવવામાં આવશે, જે રાજ્યકક્ષાએથી જિલ્લાકક્ષાએ અને જિલ્લાકક્ષાએથી સીધા આંગણવાડી કેંદ્રના સંસ્થાકીય ખાતામાં ફાળવવામાં આવશે, જેથી આંગણવાડી કાર્યકર પોતા કેંદ્રની નાના મોટા રિપેરીંગની કામગીરી સ્થાનિક કક્ષાએથી કરાવી સક્શે. સરકારશ્રી દ્વારા આ કામગીરી માટે રૂ.૩૬.૦૫ કરોડની બજેટ જોગવાઇની મંજુર કરવામાં આવેલ છે.

- આ ઉપરાંત એવા મકાનો કે જેને વધુ મોટા રીપેરીંગની જરૂરીયાત છે, જેને જર્જરીત થતા રોકી સકાય તે માટે પ્રતિ આંગણવાડી દીઠ રૂ.૨.૦૦ લાખની જોગવાઇ કરી છે. આવા ૨૫૦૦ આંગણવાડી કેન્દ્રો માટે રૂ.૫૦/– કરોડની બજેટ જોગવાઇ કરવામાં આવી છે

| |
|---|
| **અગ્રતા ક્રમ - ૬ પૂરક પ્રશ્ન–૨**<br>**પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી કલ્પેશભાઇ પરમાર (માતર)** |
| **પૂરક પ્રશ્ન –૨ :– જર્જરીત આંગણવાડી નિયત કરવાની કાર્યપદ્દતી શું છે?** |
| |

**જવાબ**

**માન. અદયક્ષશ્રી,**

- માર્ગ અને મકાન વિભાગના **કાર્યપાલક ઇજનેરશ્રી** દ્વારા આંગણવાડી બેસવા લાયક નથી આ અંગેનું **પ્રમાણપત્ર** આપવામાં આવે તેના આધારે **આંગણવાડી કેન્દ્ર જર્જરીત હોવાનું નક્કી** કરવામાં આવે છે.
- આંગણવાડીનું મકાન જર્જરીત હોવાનું નક્કી થયા બાદ તે આંગણવાડી કેન્દ્ર માટે **અન્ય વૈકલ્પિક વ્યવસ્થા** કરવામાં આવે છે જેમ કે તે જ વિસ્તારમાં ભાડાના મકનમાં અથવા તો તે વિસ્તારમાં જો કોઇ ખાલી સરકારી મકાન કે સંસ્થાનું મકાન હોય તો તેમા આંગણવાડીને ત્યાં સ્થળાંતરીત કરવામાં આવે છે.

**અગ્રતા ક્રમ - ૬ પૂરક પ્રશ્ન–૩**

**પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી કમલેશભાઇ પટેલ (પેટલાદ)**

**પૂરક પ્રશ્ન –૩ :– નિયત કરેલ ટાઇપડિઝાઇન મુજબ આંગણવાડી કેંદ્ર બાંધકામ માટે શું જોગવાઇ છે?**

**જવાબ :**

**માન.અધ્યક્ષશ્રી,**

- આંગણવાડી બાંધકામ માટે મનરેગા યોજના હેઠળ **રૂ.૮,૦૦,૦૦૦/– (રૂપિયા આઠ લાખ)**
- **રૂ.૨,૦૦,૦૦૦/– (રૂપિયા બે લાખ)** ૧૫મું નાણાપંચ અથવા અન્ય અનટાઇડ ફંડના
- **રૂ.૨,૦૦,૦૦૦/– (રૂપિયા બે લાખ)** મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આપવામાં આવે છે. જેમાં
- **રૂ. ૨.૦૦ લાખ પૈકી ભારત સરકાર ના ૬૦% પ્રમાણે રૂ.૧.૨૦ લાખ અને**
- **૪૦ % પ્રમાણે રાજ્ય સરકારના રૂ. ૮૦ હજાર**
- આમ આંગણવાડી કેન્દ્રના બાંધકામ માટે કુલ રકમ **.૧૨,૦૦,૦૦૦/– (રૂપિયા બાર લાખ)** ની જોગવાઇ કરવામાં આવેલ છે.

**અગ્રતા ક્રમ – ૬ પૂરક પ્રશ્ન-૪**

**પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર)**

**પૂરક પ્રશ્ન – ૪ મહિસાગર જિલ્લામાં કુલ આંગણવાડી કેંદ્રો પૈકી પોતાના મકાનમાં, ભાડાના મકાનમાં અને અન્ય મકાનમાં કેટલા કેંદ્રો ચાલે છે?**

**જવાબ :**

**માન.અધ્યક્ષશ્રી,**

મહિસાગરમાં આંગણવાડી કેંદ્રોના મકાનોની વ્યવસ્થા આ મુજબ છે.

**મહિસાગર જિલ્લો:–**

મહિસાગર જિલ્લો:–

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **કાર્યરત આં.વા.કેન્દ્ર** | **પોતાના મકાન** | **ભાડાના મકાન** | **અન્ય જગ્યાના મકાન** |
|---|---|---|---|---|---|
| ૧ | લુણાવાડા | ૩૧૭ | ૨૩૫ | ૪૭ | ૩૫ |
| ૨ | સંતરામપુર | ૩૮૪ | ૨૭૧ | ૪ | ૧૦૯ |
| ૩ | કડાણા | ૨૦૬ | ૧૩૩ | ૧૨ | ૬૧ |
| ૪ | ખાનપુર | ૧૪૬ | ૧૦૩ | ૨૫ | ૧૮ |
| ૫ | બાલાસિનોર | ૧૬૩ | ૧૧૦ | ૧૬ | ૩૭ |
| ૬ | વીરપુર | ૧૦૦ | ૭૬ | ૫ | ૧૯ |
| **કુલ** | | **૧૩૧૬** | **૯૨૮** | **૧૦૯** | **૨૭૯** |

**મહિસાગર** જિલ્લામાં કુલ આંગણવાડી કેંદ્રો ૧ હજાર ૩૧૬ પૈકી પોતાના મકાન **૯૨૮** (૭૦.૫૧%), ભાડાના મકાન **૧૦૯** (૦૮.૨૮%) અને અન્ય મકાન જેવા કે શાળા,પંચાયત તથા કોમ્યુનીટી હોલ, જેવા સરકારી મકાનોમાં **૨૭૯** (૨૧.૨૧%) વ્યવસ્થા કરવામાં આવેલ છે.

| અગ્રતા ક્રમ - ૬ પૂરક પ્રશ્ન-૫ |
|---|
| પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી યોગેશભાઇ પટેલ (આણંદ) |
| **પૂરક પ્રશ્ન – ૫** આણંદ જિલ્લામાં કુલ આંગણવાડી કેંદ્રો પૈકી પોતાના મકાનમાં, ભાડાના મકાનમાં અને અન્ય મકાનમાં કેટલા કેંદ્રો ચાલે છે? |

**જવાબ :**

**માન.અધ્યક્ષશ્રી,**

**આણંદ જિલ્લો:–**

આણંદ જિલ્લામાં આંગણવાડી કેંદ્રોના મકાનોની વ્યવસ્થા આ મુજબ છે.

આણંદ જિ**લ્લો:–**

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત આં.વા.કેન્દ્ર | પોતાના મકાન | ભાડાના મકાન | અન્ય જગ્યાના મકાન |
|---|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૪૬૭ | ૨૮૩ | ૧૬૩ | ૨૧ |
| ૨ | ખંભાત | ૨૭૯ | ૧૭૭ | ૪૧ | ૬૧ |
| ૩ | પેટલાદ | ૨૭૨ | ૨૩૩ | ૧૭ | ૨૨ |
| ૪ | સોજીત્રા | ૧૦૭ | ૮૮ | ૯ | ૧૦ |
| ૫ | તારાપુર | ૧૦૨ | ૮૫ | ૦ | ૧૭ |
| ૬ | આંકલાવ | ૧૫૭ | ૧૪૫ | ૫ | ૭ |
| ૭ | ઉમરેઠ | ૨૦૪ | ૧૪૭ | ૨૯ | ૨૮ |
| ૮ | બોરસદ | ૪૦૫ | ૨૯૫ | ૭૨ | ૩૮ |
| કુલ | | ૧૯૯૩ | ૧૪૫૩ | ૩૩૬ | ૨૦૪ |

**આણંદ** જિલ્લામાં કુલ આંગણવાડી કેંદ્રો ૧૯૯૩ પૈકી પોતાના મકાન **૧ હજાર ૪૫૩** (૭૨.૯૦ %), ભાડાના મકાન **૩૩૬**(૧૬.૮૫%) અને અન્ય મકાન જેવા કે શાળા,પંચાયત તથા કોમ્યુનીટી હોલ, જેવા સરકારી મકાનોમાં **૨૦૪** (૧૦.૨૩%) વ્યવસ્થા કરવામાં આવેલ છે.

| અગ્રતા ક્રમ - ૬ પૂરક માહિતી |
| --- |
| છેલ્લા ત્રણ વર્ષમાં જર્જરીત થઇ ગયેલ નવા બનાવવામાં આવેલ આંગણવાડી કેન્દ્રોની વિગત શું છે? |

**જવાબ : માન.અધ્યક્ષશ્રી,**

**મહિસાગર જિલ્લો**

| ક્રમ | તાલુકાનું નામ | જર્જરીત આં.વા. | આયોજન કરેલ હોય તો | | |
| --- | --- | --- | --- | --- | --- |
| | | કેન્દ્રની સંખ્યા | કેટલા કેંદ્રોના કામ પૂર્ણ થયેલ છે? | કેટલા કેંદ્રોના કામ પ્રગતિમાં છે? | બાકી રહેલ કેંદ્રો કયા તબક્કે બાકીમાં છે? |
| | ૨૦૨૦-૨૧ | ૬૦ | ૨૮ | ૩૨ | ૦ |
| | ૨૦૨૧-૨૨ | ૮ | ૨ | ૫ | ૦ |
| | ૨૦૨૨-૨૩ | ૨ | ૦ | ૨ | ૦ |

**આણંદ જિલ્લો**

| ક્રમ | તાલુકાનું નામ | જર્જરીત આં.વા. | આયોજન કરેલ હોય તો | | |
| --- | --- | --- | --- | --- | --- |
| | | કેન્દ્રની સંખ્યા | કેટલા કેંદ્રોના કામ પૂર્ણ થયેલ છે? | કેટલા કેંદ્રોના કામ પ્રગતિમાં છે? | બાકી રહેલ કેંદ્રો કયા તબક્કે બાકીમાં છે? |
| | ૨૦૨૦-૨૧ | ૨૩ | ૦ | ૦ | ૨૩ |
| | ૨૦૨૧-૨૨ | ૫૩ | ૦ | ૦ | ૫૩ |
| | ૨૦૨૨-૨૩ | ૧૭ | ૦ | ૦ | ૧૭ |

**અગ્રતા ક્રમ - ૬ પૂરક માહિતી**

સને ૨૦૨૩–૨૪નું રાજ્યનું નવી આંગણવાડી બનાવવા માટે આયોજન શું છે?

- ઓગસ્ટ–૨૦૨૨માં પ્રસિદ્ધ થયેલ મિશન સક્ષમ આંગણવાડી અને **પોષણ ૨.૦ની** માર્ગદર્શિકા અનુસાર મનરેગા યોજના અંતર્ગત બાંધકામ થતા આંગણવાડી કેંદ્રોની યુનિટ કોસ્ટ રૂ. ૭.૦૦ લાખથી વધારીને રૂ.૧૨.૦૦ લાખ કરવામાં આવેલ છે, જેમાં **રૂ.૮.૦૦ લાખ મનરેગા યોજના હેઠળ, રૂ.૨.૦૦ લાખ મહિલા અને બાળ વિકાસ વિભાગ (જેમાં કેન્દ્ર સરકારના ૬૦% અને રાજ્ય સરકારના ૪૦%) અને રૂ.૨.૦૦ લાખ ૧૫મું નાણાંપંચ અથવા અન્ય કોઇ પણ અનટાઇડ ફંડમાંથી** ફાળવવાનું નક્કી કરવામાં આવેલ છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૩–૨૪માં **૧૬૫૦ નવીન** આંગણવાડીઓનું બાંધકામ કરવા માટે તેમજ **૧૬૦૦** જર્જરીત આંગણવાડી કેન્દ્રના બાંધકામ માટે એમ **કુલ ૩૨૫૦** આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે **રૂ.૧૩૮.૦૦ કરોડની** બજેટ જોગવાઇ મંજુર થયેલ છે.
- મહાનગર પાલિકા અને નગરપાલિકા વિસ્તારોમાં નવી આંગણવાડીના બાંધકામ માટે ૧૦૦% રાજ્ય સરકારના ફાળાથી વર્ષ ૨૦૨૩–૨૪માં **૧૦૦ આંગણવાડી કેન્દ્રોનું બાંધકામ કરવા માટે રૂ.૧૨.૦૦ કરોડની જોગવાઇ મંજુર થયેલ** છે વધુમાં સુધારેલ અંદાજમાં સરકારશ્રી દ્વારા **૮૨** આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે **રૂ.૯.૮૩ કરોડ** મંજુર કરેલ છે.

**બજેટ જોગવાઈ**

- સને ૨૦૨૩–૨૪માં મનરેગા યોજના અંતર્ગત કુલ ૩૨૫૦ કેન્દ્રોનું બાંધકામ કરવા **માટે રૂ.૧૩૮.૦૦ કરોડ**ની જોગવાઇ સુચવેલ છે.
  (નવીન ૧૬૫૦ અને જર્જરીત ૧૬૦૦)

## અગ્રતા ક્રમ - ૬ પૂરક માહિતી

### મહીસાગર જિલ્લાની માળખાકીય સુવિધાઓ

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત આં.વા.કેન્દ્ર | પોતાના મકાન | ભાડાના મકાન | અન્ય જગ્યાના મકાન | વીજ–કનેક્શન | પીવાનું પાણી | શૌચાલય |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | લુણાવાડા | ૩૧૭ | ૨૩૫ | ૪૭ | ૩૫ | ૩૧૭ | ૩૧૭ | ૩૧૭ |
| ૨ | સંતરામપુર | ૩૮૪ | ૨૭૧ | ૪ | ૧૦૯ | ૩૮૪ | ૩૮૪ | ૩૮૪ |
| ૩ | કડાણા | ૨૦૬ | ૧૩૩ | ૧૨ | ૬૧ | ૨૦૬ | ૨૦૬ | ૨૦૬ |
| ૪ | ખાનપુર | ૧૪૬ | ૧૦૩ | ૨૫ | ૧૮ | ૧૪૬ | ૧૪૬ | ૧૪૬ |
| ૫ | બાલાસિનોર | ૧૬૩ | ૧૧૦ | ૧૬ | ૩૭ | ૧૬૩ | ૧૬૩ | ૧૬૩ |
| ૬ | વીરપુર | ૧૦૦ | ૭૬ | ૫ | ૧૯ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ |
| કુલ | | ૧૩૧૬ | ૯૨૮ | ૧૦૯ | ૨૭૯ | ૧૩૧૬ | ૧૩૧૬ | ૧૩૧૬ |

### આણંદ જિલ્લાની માળખાકીય સુવિધાઓ

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત આં.વા.કેન્દ્ર | પોતાના મકાન | ભાડાના મકાન | અન્ય જગ્યાના મકાન | વીજ–કનેક્શન | પીવાનું પાણી | શૌચાલય |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૪૬૭ | ૨૮૩ | ૧૬૩ | ૨૧ | ૪૬૭ | ૪૬૭ | ૪૬૭ |
| ૨ | ખંભાત | ૨૭૯ | ૧૭૭ | ૪૧ | ૬૧ | ૨૭૯ | ૨૭૯ | ૨૭૭ |
| ૩ | પેટલાદ | ૨૭૨ | ૨૩૩ | ૧૭ | ૨૨ | ૨૭૨ | ૨૭૨ | ૨૭૨ |
| ૪ | સોજીત્રા | ૧૦૭ | ૮૮ | ૯ | ૧૦ | ૧૦૭ | ૧૦૭ | ૧૦૭ |
| ૫ | તારાપુર | ૧૦૨ | ૮૫ | ૦ | ૧૭ | ૧૦૨ | ૧૦૨ | ૧૦૧ |
| ૬ | આંકલાવ | ૧૫૭ | ૧૪૫ | ૫ | ૭ | ૧૫૭ | ૧૫૭ | ૧૫૭ |
| ૭ | ઉમરેઠ | ૨૦૪ | ૧૪૭ | ૨૯ | ૨૮ | ૨૦૪ | ૨૦૪ | ૨૦૩ |
| ૮ | બોરસદ | ૪૦૫ | ૨૯૫ | ૭૨ | ૩૮ | ૪૦૪ | ૪૦૫ | ૪૦૪ |
| કુલ | | ૧૯૯૩ | ૧૪૫૩ | ૩૩૬ | ૨૦૪ | ૧૯૯૨ | ૧૯૯૩ | ૧૯૮૮ |

| અગ્રતા ક્રમ - ૬ **પૂરક માહિતી** |
| --- |
| ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડીઓ માટે મકાનભાડાના દર |

**જવાબ : માન.અધ્યક્ષશ્રી,**

**અગાઉના દર**

- ગ્રામ્ય વિસ્તાર માટે **રૂ. ૧૦૦૦**/– પ્રતિ માસ
- શહેરી વિસ્તાર માટે **રૂ. ૪૦૦૦**/– પ્રતિ માસ
- મેટ્રો પોલીટન સિટી માટે **રૂ. ૬૦૦૦**/– પ્રતિ માસ

**હાલના દર (તા.૦૨/૦૨/૨૦૧૮ના ઠરાવથી)**

- ગ્રામ્ય વિસ્તાર માટે **રૂ. ૨૦૦૦**/– પ્રતિ માસ
- શહેરી વિસ્તાર માટે **રૂ. ૬૦૦૦**/– પ્રતિ માસ
- મેટ્રો પોલીટન સિટી માટે **રૂ. ૮૦૦૦**/– પ્રતિ માસ

| **અગ્રતા ક્રમ - ૬ પૂરક માહિતી** |
|---|
| જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા જર્જરીત કેન્દ્રોના બાંધકામ મંજુર થયા અને તે પૈકી કેટલા પુર્ણ થયા તેની વિગતો.? |

જવાબ :–

**માન.અધ્યક્ષશ્રી,**

**મહિસાગર જિલ્લો;-**

| **વર્ષ** | **જર્જરીત આં.વા.કે.ની સંખ્યા** | **નવા મકાન બાંધકામ માટે આયોજન કરેલ છે?** | **આયોજન કરેલ હોય તો કેટલા કેંદ્રોના કામ પૂર્ણ થયેલ છે?** |
|---|---|---|---|
| ૨૦૨૦–૨૧ | ૬૦ | હા | ૨૯ |
| ૨૦૨૧–૨૨ | ૮ | હા | ૨ |
| ૨૦૨૨–૨૩ | ૨ | હા | ૦ |
| **કુલ** | **૭૦** | **હા** | **૩૧** |

**આણંદ જિલ્લો:–**

| વર્ષ | જર્જરીત આં.વા.કે.ની સંખ્યા | નવા મકાન બાંધકામ માટે આયોજન કરેલ છે? | આયોજન કરેલ હોય તો કેટલા કેંદ્રોના કામ પૂર્ણ થયેલ છે? |
|---|---|---|---|
| ૨૦૨૦–૨૧ | ૨૩ | હા | ૦ |
| ૨૦૨૧–૨૨ | ૫૩ | હા | ૦ |
| ૨૦૨૨–૨૩ | ૧૭ | હા | ૦ |
| કુલ | ૯૩ | હા | ૦ |

| **અગ્રતા ક્રમ - ૬ પૂરક માહિતી** |
|---|
| મહિસાગર અને આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી આંગણવાડીઓના ખાતમુહુર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યા છે |

**જવાબ : માન.અધ્યક્ષશ્રી,**

- **મહિસાગર જિલ્લાની** ૧૪૨ આંગણવાડી કેન્દ્રોના ખાતમુહુર્ત અને ૧૨૮ આંગણવાડી કેન્દ્રોના લોકાર્પણ કરવામાં આવ્યા છે.
- **આણંદ જિલ્લાની** ૬૫ આંગણવાડી કેન્દ્રોના ખાતમુહુર્ત અને ૭ આંગણવાડી કેન્દ્રોના લોકાર્પણ કરવામાં આવ્યા છે.